That our Client **Jitesh Umarshi Gada** is the absolute Owner of the Property, namely nonagricultural plot of land bearing, Vadodara lying being land bearing R.S. No. 24, C.S. No. 248, 249, & 246/1, Paikki Known as Nutan Bharat Co. Op. Ho. Soc. Ltd., Paikki (i) Plot no. 46, admeasuring 12072.72 Sq. Fts., (ii) Plot No. 47, admeasuring 12072.72 Sq. Fts., (iii) Plot No. 44-B, admeasuring 6192.75 Sq. Fts., Scheme Known as **"PEARLS GATEWAY TOWERS"** Block – B, Second Floor, Flat No. B2-102, Super Built-up area admeasuring 2300 Sq. Fts., of Mauje: Wadivadi at Registration District & Sub District Vadodara, District Vadodara, and has therefore demanded for the title clearance Certificate of it. But said Property Original owner executed Agreement to Sale in Favour of M/s. PACL India Ltd. Through their authorised Person Prakash Joshi Vides Registration No. 9635 dated 24.08.2011. Said Agreement to Sale and their Registration Receipt are found to be missing. Therefore, if any individual, Bank or any Financial Institution has its charge or lien on the said property, then; **within 07 days** from the publication of the notice may send their objections along with Supportive Evidence. If not sent within the given period of time, then my client will initiate further proceedings. Dt. 02/08/2026.

PATHANKAN THE LEGAL FIRM
Office : A-14, Sahjanand Appartment, Tarang Society, Opp. Tennis Court, (Akota Stadium), Akota, Vadodara.

Jaydipsinh Parmar
Hemali J. Parmar
(Advocates)

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ़ इंडिया
Central Bank of India
"CENTRAL" TO YOU SINCE 1911

BRANCH : GANDHIDHAM

APPENDIX - IV [Rule-8(1)] POSSESSION NOTICE (For Immovable Property)

Whereas The undersigned being the Authorized Officer of the **Central Bank of India, Gandhidham Branch,** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (54 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with rule 9 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice Dated **22.05.2026** calling upon the **Mrs. Anju Pradip Prajapati (Borrower), Mr. Pradip Kumar Prajapati (Borrower)** to repay the amount mentioned in the notice being **Rs. 4,50,644.00/- (Rupees Four Lakh Fifty Thousand Six Hundred Forty Four Only)** plus uncharged interest @ 8.25%, within 60 days from the date of receipt of the said Notice.

The Borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower and the Public in general that the undersigned has taken **Physical Possession** of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with rule 9 of the said rules on this **28th day of July of the year 2026.**

The Borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Central Bank of India, Gandhidham Branch,** for an amount of **Rs. 4,50,644.00/- (Rupees Four Lakh Fifty Thousand Six Hundred Forty Four Only)** plus uncharged interest @ 8.25%plus other charges.

The Borrower's attention is invited to provisions of sub-section (8) of Section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

DESCRIPTION OF THE IMMOVABLE PROPERTY

Plot No. 599, Revenue Survey No. 527, Area about Acre 18-30 Guntha, Ambica Nagar Scheme - 1, Village Varsamedi, Tal. Anjar, Kutch, Gujarat. Area : 53.33 Sq. Mtrs. **Boundaries : East :** Internal Road, **West :** Lane, **North :** Plot No. 598, **South :** Plot No. 600

Date : 28.07.2026, **Sd/- Authorised Officer,**
Place : Gandhidham **Central Bank of India**

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
CENTRAL BANK OF INDIA

Ankleshwar GIDC Branch : Masalawala Complex, Opp. Railway Station, Nr. Pratin Circle, Ankleshwar GIDC, Bharuch.

THE SECURITY INTEREST ENFORCEMENT RULES 2002 RULE 8 (1)
POSSESSION NOTICE (For Immovable Property)

Whereas, The undersigned being the Authorized Officer of the **Central Bank of India, Ankleshwar Branch** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act 2002 (54 of 2002) and in exercise of powers conferred under Section 13(12), 13(2) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated **29.04.2026** calling upon the **Mr. Dhruvakumar Dinesh Jha (Borrower), Mr. Dinesh Mahedra Jha (Co-Borrower)** to repay the amount mentioned in the notice being **Rs. 4,35,731.56 (Rupees Four Lakh Thirty Five Thousand Seven Hundred Thirty One & Paisa Fifty Six Only)** with interest due thereon within 60 days from the date of receipt of the said notice.

The Borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower / Guarantor and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him under Sub-Section (4) of Section 13 of Act read with rule 8 of the security interest Enforcement Rules 2002 on this **27th day of July of the year 2026.**

The Borrower / Guarantor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Central Bank of India, Ankleshwar Branch** for an amount **Rs. 4,35,731.56 Rupees Four Lakh Thirty Five Thousand Seven Hundred Thirty One & Paisa Fifty Six Only)** and interest & other charges thereon with effect from (Amount deposited after issuing of demand notice U/Section 13(2) has given effect)

"The Borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets."

DESCRIPTION OF IMMOVABLE PROPERTY

All the Piece and Parcel of Plot No. B/14-C, Admeasuring Land Area 66.70 Sq. ft. situated in Sailok Tenaments, Samta Society erected over Land Bearing Revenue Survey No. 216 Paikee situated in limit of Village - Sarangpur, Taluka - Ankleshwar, Dist. Bharuch. Owner of Property : Dhruvkumar Dinesh Jha. **Bounded by :- East :** Adjoining Common Plot & Internal Road, **West :** Adjoining Margin Land, **North :** Adjoining Common Plot, **South :** Adjoining Plot No. B/14.

Date : 27/07/2026 **Authorised Officer,**
Place : Ankleshwar **Central Bank of India**

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
CENTRAL BANK OF INDIA

Ankleshwar GIDC Branch : Masalawala Complex, Opp. Railway Station, Nr. Pratin Circle, Ankleshwar GIDC, Bharuch.

THE SECURITY INTEREST ENFORCEMENT RULES 2002 RULE 8 (1)
POSSESSION NOTICE (For Immovable Property)

Whereas, The undersigned being the Authorized Officer of the **Central Bank of India, Ankleshwar Branch** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act 2002 (54 of 2002) and in exercise of powers conferred under Section 13(12), 13(2) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated **26/05/2026** calling upon the Borrower **Mr. Vipulkumar Jani & Mrs. Bhargaviben Jani** to repay the amount mentioned in the notice being **Rs. 3,28,173.90 (Rupees Three Lakh Twenty Eight Thousand One Hundred Seventy Three and Ninety Paisa Only)** with interest due thereon within 60 days from the date of receipt of the said notice.

The Borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower / Guarantor and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him under Sub-Section (4) of Section 13 of Act read with rule 8 of the security interest Enforcement Rules 2002 on this **27th day of July of the year 2026.**

The Borrower / Guarantor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Central Bank of India, Ankleshwar Branch** for an amount **Rs. 3,28,173.90 (Rupees Three Lakh Twenty Eight Thousand One Hundred Seventy Three and Ninety Paisa Only)** and interest & other charges thereon with effect from (Amount deposited after issuing of demand notice U/Section 13(2) has given effect)

"The Borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets."

DESCRIPTION OF IMMOVABLE PROPERTY

All the Pieces & Parcels of the Property bearing Residential Flat No. B/2/301 situated on erected over Plot Third Floor of B/2 Building of Shyam Shikhar Complex No. 101, 102, 201, 202 of R.S No. 163 Paiki (Old) and R.S No. 312 (New) situated in Panchayat Limit of Bhadkodara, Tal. Ankaleshwar, Admeasuring of 29.00 Sq. Mtrs. area and undivided share of land admeasuring of 10.00 Sq. Mtrs, Dist. Bharuch - 393001, Owned by Vipulkumar Jani & Bhargaviben Jani. **Bounded by :-East :** Public Road, **West :** Open Land, **North :** Flat No. B/1/301, **South :** Flat No. B/2/302.

Authorised Officer,
Date : 27/07/2026, Place : Ankleshwar **Central Bank of India**

Bank of Baroda

MAHUVA BRANCH :
Opp. Pooja Hotel, Near LIC Building, Mahuva, Dist. : Bhavnagar - 364290

[See Rule 8(1)] POSSESSION NOTICE (For Immovable Property)

Whereas The undersigned being the Authorised Officer of **Bank of Baroda** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of powers conferred upon him under section 13 (12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules 2002, issued a Demand Notice dated **14.05.2026** calling upon the **Borrower / Co-Borrower / Guarantor / Mortgagor Mr. Yash Jerambhai Manvani & Mrs. Godavari Jerambhai Manvani (Baroda Home Loan A/c No. 25200600001357 & Baroda Top-Up Loan A/c No. 25200600004189)** to repay the amount mentioned in the notice being **Rs. 28,18,611.56/- (Rupees Twenty Eight Lakh Eighteen Thousand Six Hundred Eleven and Paise Fifty Six Only)** as on date 14.05.2026 plus uncharged interest within 60 days from the date of receipt of the said notice.

The Borrower/Guarantor/Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrower/Guarantor/Mortgagor and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him under Section 13(4) of the said Act read with Rule 8 of the said rules on this **28th day of July of the Year 2026.**

The Borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

The Borrower/Co-Borrower//Guarantor/Mortgagor in particular and the Public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Bank of Baroda** for an amount of being **Rs. 28,18,611.56/- (Rupees Twenty Eight Lakh Eighteen Thousand Six Hundred Eleven and Paise Fifty Six Only)** as on date 14.05.2026 plus uncharged interest & other charges till date of payment.

Security agreement with brief Description of securities

Equitable Mortgage of Plot No. 9/A, R.S. No. 326, Build-up Area 84.19 Sq. Mtr., Carpet Area 72.56 Sq. Mtr., situated at Jalaram Society, Ekta Society Road, Near Swaminarayan Mandir, Mahuva, Dist. Bhavnagar, Gujarat - 364 290, standing in the name of **Mr. Yash Jerambhai Manvani & Mrs. Godavari Jerambhai Manvani. Bounded as under : East** : Plot No. 8/B, **West :** Plot No. 9/B, **North :** 6 Mtrs. Road, **South :** Plot No. 20

Date : 28.07.2026 **Sd/- Authorised Officer,**
Place : Mahuva **Bank of Baroda**

NSA અજીત ડોભાલને 'લોકમાન્ય ટિળક નેશનલ અવોર્ડ 2026' થી કરાશે સન્માનિત

મહારાષ્ટ્રના ડેપ્યુટી CM શિંદેએ પુણેમાં કેન્દ્રીય ગૃહમંત્રી સાથે કરી સૌજન્ય મુલાકાત

પુણે: મહારાષ્ટ્રના ડેપ્યુટી મુખ્યમંત્રી એકનાથ શિંદેએ શનિવારે પુણેમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. અમિત શાહ હાલ બે દિવસીય પુણેના પ્રવાસે છે, જ્યાં એકનાથ શિંદેએ પુષ્પગુચ્છ આપીને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ડેપ્યુટી મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પર આ મુલાકાતના ફોટોગ્રાફ્સ પણ શેર કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પુણેના આ પ્રવાસ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલને પ્રતિષ્ઠિત 'લોકમાન્ય ટિળક નેશનલ અવોર્ડ 2026' એનાયત કરશે. આ અંગે અમિત શાહના કાર્યાલય દ્વારા અગાઉથી જ માહિતી આપવામાં આવી હતી કે આ એવોર્ડ સમારોહ પુણેમાં યોજાવાનો છે.

એક તરફ આ ભવ્ય આયોજન ચાલી રહ્યું છે, તો બીજી તરફ પુણેમાં રાજકીય ગરમાવો પણ જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રીના પ્રવાસ સામે કોંગ્રેસ પક્ષ દ્વારા વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા નીટ (NEET) પરીક્ષા પેપર લીક મામલે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીના વિરોધમાં સેવન લવ્સ ચોક ખાતે દેખાવોનું આયોજન કરાયું છે.

જવાબમાં, ભારતીય જનતા પાર્ટી (BJP) ની પુણે શહેર યુનિટે પણ તે જ સ્થળે કાઉન્ટર-ડેમોન્સ્ટ્રેશન (સામે પ્રદર્શન) કરવા માટે પોલીસ પાસે પરવાનગી માંગી છે. ભાજપે આક્ષેપ કર્યો છે કે કોંગ્રેસ આ મુલાકાત અને એવોર્ડ સમારોહને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે. સુરક્ષા એજન્સીઓ અને પોલીસ પ્રશાસન આ રાજકીય ટકરાવને ધ્યાનમાં રાખીને સંપૂર્ણપણે સતર્ક બની ગયું છે અને જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવી રહી છે.

ઈથેનોલ સામે આંદોલન: તહેસીન પૂનાવાલાનો દાવો- કોઈ ઓર્ડર વિના મને હાઉસ અરેસ્ટ કરાયો

નવી દિલ્હી: E20 પેટ્રોલ નીતિ સામે પ્રસ્તાવિત વિરોધ માર્ચ અને અનશન પહેલા સામાજિક કાર્યકર્તા તહેસીન પૂનાવાલાએ દિલ્હી પોલીસ પર તેમને હાઉસ અરેસ્ટ કરવાનો આરોપ લગાવ્યો છે. પૂનાવાલાએ શનિવારે સોશિયલ મીડિયા પર કેટલાક વીડિયો શેર કર્યા, જેમાં તેમના ઘરની બહાર મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ તહેનાત જોવા મળી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે, સરકાર મારા વિરોધ પ્રદર્શનથી ગભરાઈ ગઈ છે.તહેસીન પૂનાવાલાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે, 'દિલ્હી પોલીસની એક મોટી ટીમ, જેમાં મહિલા પોલીસકર્મીઓ પણ સામેલ છે, તેમણે મને ઘરની બહાર નીકળતા રોક્યો છે.' તેમણે આરોપ લગાવ્યો કે, 'કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી E20 પેટ્રોલના વિરોધથી ડરી ગયા છે.'અન્ય એક વીડિયોમાં પૂનાવાલા પોલીસ અધિકારીને પૂછતા દેખાઈ રહ્યા છે કે, આખરે કયા આધારે તેમને રોકવામાં આવી રહ્યા છે. તેમનું કહેવું છે કે તેમને કોઈ લેખિત ઓર્ડર કે દસ્તાવેજ બતાવવામાં નથી આવ્યો. વીડિયોમાં તેઓ કહે છે કે, 'કોઈ કાગળ નથી, કંઈપણ નથી મને ઘરમાં નજરકેદ કરી દેવામાં આવ્યો છે.

વિદેશમાં નિયમો પાળો છો, અહીં કેમ ગંદકી? બોમ્બે હાઈકોર્ટની લાલ આંખ

મુંબઈ : ભારતમાં ગમે ત્યાં કચરો ફેંકવાની નાગરિકોની ટેવ સામે બોમ્બે હાઈકોર્ટે ગંભીર નારાજગી વ્યક્ત કરી છે. અદાલતે આકરી ટિપ્પણી કરતા જણાવ્યું છે કે લોકો વિદેશમાં જઈને તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે અને માત્ર નિર્ધારિત જગ્યાએ જ કચરો નાખે છે, પરંતુ પોતાના દેશમાં આવતી વખતે રસ્તાઓ પર ગંદકી કરતા અચકાતા નથી. કંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડ આસપાસના પ્રદૂષણ અને દુર્ગંધ સંબંધિત અરજીઓની સુનાવણી દરમિયાન ન્યાયાધીશોએ આ મહત્વપૂર્ણ સવાલો ઉઠાવ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, જસ્ટિસ જી.એસ. કુલકર્ણી અને જસ્ટિસ આરતી સાઠેની બેન્ચે શુક્રવારે સુનાવણી હાથ ધરી હતી. અદાલતે સવાલ ઉઠાવ્યો હતો કે શું આઝાદી અને લોકશાહીની કિંમત માત્ર ગંદકી ફેલાવવી જ છે? દરિયાકાંઠા અને રસ્તાઓ પર વધી રહેલા પ્લાસ્ટિકના કચરા સામે ચિંતા વ્યક્ત કરતા કોર્ટે કહ્યું કે આ પ્રકારની સ્થિતિ સભ્ય સમાજ માટે યોગ્ય નથી અને આનાથી લોકોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થઈ રહ્યું છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, મુંબઈ મહાનગરપાલિકા (MCGM) ના 'સ્વચ્છ મુંબઈ' ના નારાનો ઉલ્લેખ કરીને અદાલતે ટકોર કરી હતી કે મનોરથ સારો છે પરંતુ નાગરિકો અને સરકારી મશીનરીની સુસ્તી તેને નિષ્ફળ બનાવી રહી છે. ઐતિહાસિક હેરિટેજ સાઇટ્સ અને રાજાબાઈ ટાવર જેવા વિસ્તારોમાં કચરો ઉપાડવાની પદ્ધતિ સામે પણ અદાલતે નારાજગી વ્યક્ત કરી છે, જ્યાં વિદેશી પ્રવાસીઓ પણ રસ્તા પર કચરો પડેલો જુએ છે.હાઈકોર્ટે નાગરિક તંત્રના અધિકારીઓને કચરો ફેંકનારાઓ સામે કડક પગલાં લેવાના નિર્દેશ આપ્યા છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જો એક અઠવાડિયાની અંદર યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો કડક આદેશો જારી કરવામાં આવશે. સ્વચ્છતા જાળવવી એ દરેક નાગરિકની મૂળભૂત જવાબદારી હોવાનું જણાવીને કોર્ટે તંત્રને નિયમો કડક રીતે લાગુ કરવા તાકીદ કરી છે.

રેલવેએ મુસાફરોની સુવિધાને પ્રોત્સાહન આપવા અને સલામતીને મજબૂત બનાવવા માટે રેલવે અધિનિયમ, 1989 ની મુખ્ય જોગવાઈઓમાં સુધારો કર્યો

માલીગાંવ | ભારતીય રેલવે (IR) ની સાથે સુસંગત, ઉત્તરપૂર્વીય સરહદી રેલવે (NFR) તમામ મુસાફરો અને સામાન્ય જનતાને સૂચિત કરે છે કે રેલવે સંબંધિત ગુનાઓ માટે પાલનને સરળ બનાવવા, ભારતીય ન્યાય સંહિતા (BNS) સાથે ચોક્કસ જોગવાઈઓને સંરેખિત કરવા અને મુસાફરોની સલામતી અને રેલવે કામગીરી સાથે ચેડા કરતા ગુનાઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે રેલવે અધિનિયમ, 1989ની વિવિધ જોગવાઈઓમાં નોંધપાત્ર સુધારા કરવામાં આવ્યા છે. સુધારેલી જોગવાઈઓ પ્રથમ વખત અથવા ઓછા ગંભીર ગુનાઓ માટે કેદની સજાને નાણાકીય દંડથી બદલીને ઘણા નાના ઉલ્લંઘનોને ગુનાહિત બનાવવાનો પ્રયાસ કરે છે, જ્યારે વારંવાર અથવા ગંભીર ઉલ્લંઘનો માટે કડક સજા જાળવી રાખે છે. આ સુધારાઓનો હેતુ રેલવે સિસ્ટમની સલામતી, સુરક્ષા અને શિસ્ત સાથે સમાધાન કર્યા વિના કાનૂની માળખાને વધુ નાગરિક-મૈત્રીપૂર્ણ બનાવવાનો છે.

સુધારેલી જોગવાઈઓ હેઠળ, રેલ્વે અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૧૩૭, ૧૩૮, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૫૫, ૧૫૯, ૧૬૨, ૧૬૩, ૧૬૫, ૧૬૬, ૧૬૭ અને ૧૭૨ માં નોંધપાત્ર ફેરફારો રજૂ કરવામાં આવ્યા છે. સુધારાઓમાં, અધિકૃત ટિકિટ વિના મુસાફરી કરવી, બુક કરેલા ગંતવ્ય સ્થાનની બહાર અનધિકૃત મુસાફરી કરવી, ટિકિટનું ટ્રાન્સફર કરવું, અનામત ડબ્બામાં અનધિકૃત પ્રવેશ કરવો, ધૂમ્રપાન કરવું, રેલ્વે મિલકતને નુકસાન પહોંચાડવું અને સમાન નાના ઉલ્લંઘનો જેવા ઘણા ગુનાઓ મુખ્યત્વે નિર્ધારિત દંડને આકર્ષિત કરશે જે સામાન્ય રીતે દંડની ચૂકવણી ન કરવા અથવા વારંવાર ગુનાઓના કિસ્સામાં જ લાગુ પડે છે. તે જ સમયે, મુસાફરોની સલામતી અને જાહેર વ્યવસ્થાને અસર કરતા ગુનાઓ, જેમાં દારૂ પીને ઉપદ્રવ કરવો, રેલ્વે કર્મચારીઓને અવરોધવું, અતિક્રમણ કરવું, અપમાનજનક માલનું ગેરકાયદેસર વહન કરવું અને રેલવે કામગીરીને જોખમમાં મૂકતા ગેરવર્તણૂકનો સમાવેશ થાય છે, કડક કાનૂની કાર્યવાહીને આકર્ષિત કરવાનું ચાલુ રાખે છે.

સંખેડામાં તડવી સમાજની વાડી પાસેથી બંગલી ફળિયા તરફ જતા માર્ગ પર બનેલા બે નાળા વચ્ચેની માટી ધોવાઈ ગઈ

રિપોર્ટર કમલેશ પટેલ સંખેડા

સંખેડામાં ભારે વરસાદને કારણે તડવી સમાજની વાડી પાસેથી બંગલી ફળિયા તરફ જતા માર્ગ પર બનેલા બે નાળા વચ્ચેની માટી ધોવાઈ ગઈ છે. આ ઘટનાને પગલે રોડ ધોવાણનો ભય સેવાઈ રહ્યો છે અને કામની ગુણવત્તા સામે સવાલો ઉભા થયા છે. ગ્રામજનો દ્વારા તાત્કાલિક તપાસની માંગ કરવામાં આવી છે.આ માર્ગ પર પાણીના નિકાલ માટે કોન્ટ્રાક્ટર દ્વારા 50 મીટરના અંતરે બે નાળા બનાવવામાં આવ્યા હતા.મુશળધાર વરસાદને કારણે બંને નાળા વચ્ચેની માટી મોટા પ્રમાણમાં ધોવાઈ ગઈ છે. એટલું જ નહીં, સ્લેબની બાજુની માટી પણ બેસી જતાં કામની નબળી ગુણવત્તા સ્પષ્ટ દેખાઈ રહી છે.સ્થાનિકોના મતે, જો વધુ વરસાદ પડશે તો બંને નાળા વચ્ચેનો ભાગ સંપૂર્ણપણે ધોવાઈ જશે અને રસ્તો ફરીથી બંધ થવાની શક્યતા છે.

દાહોદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત અભલોડ ગામે 'મહિલા સુરક્ષા દિન'ની ઉજવણી કરાઈ

દિપક રાવલ દાહોદ લીમખેડા | 'નારી વંદન ઉત્સવ-૨૦૨૬' ની ઉજવણીના ભાગરૂપે ગરબાડા તાલુકાના અભલોડ ગામે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, દાહોદ દ્વારા 'મહિલા સુરક્ષા દિન' નિમિત્તે 'ઘરેલું હિંસાથી મહિલાઓનું સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૫' અંતર્ગત વિશેષ કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારની મહિલાઓમાં કાયદાકીય જાગૃતિ વધારવી, ઘરેલું હિંસા સામે તેમના અધિકારો અંગે માહિતગાર કરવી તથા સરકારશ્રીની વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓની માહિતી પહોંચાડી તેમને સશક્ત અને આત્મનિર્ભર બનાવવાનો હતો.આ પ્રસંગે દાહોદ કોર્ટના વકીલશ્રી વી. એન. પલાશ દ્વારા ઘરેલું હિંસાથી મહિલાઓનું સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની મુખ્ય જોગવાઈઓ, મહિલાઓના કાયદાકીય અધિકારો, ફરિયાદ નોંધાવવાની સરળ પ્રક્રિયા તથા કાયદા હેઠળ મળતી સુરક્ષા અંગે સરળ ભાષામાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.તદુપરાંત, DHEW ના મિશન કો-ઓર્ડિનેટર શ્રી અશ્વિનભાઈ તથા જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રીમતી જહાંઆરા સૈયદ દ્વારા રાજ્ય સરકાર દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના, પોલીસ સ્ટેશન બેઝ સપોર્ટ સેન્ટર (PBSC), સખી વન સ્ટોપ સેન્ટર તેમજ '૧૮૧' અભયમ મહિલા હેલ્પલાઈન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

News Brief

ભારત પાસે પરીક્ષિત નેતૃત્વ છે, પીએમ મોદીના વખાણ કરતા બોલ્યા આંધ્રપ્રદેશના CM ચંદ્રબાબુ નાયડુ

વિઝિયાનગરમ: આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ શનિવારે જણાવ્યું છે કે જ્યારે સમગ્ર વિશ્વના લોકશાહી દેશો નવા નેતાઓની શોધમાં કટોકટીનો સામનો કરી રહ્યા છે, ત્યારે ભારત નસીબદાર છે કે તેની પાસે એક પરીક્ષિત નેતૃત્વ ઉપલબ્ધ છે. ભોગાપુરમ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ અગાઉ એક જાહેરસભાને સંબોધિત કરતા નાયડુએ પીએમ મોદીના કામોના મુક્તકંઠે વખાણ કર્યા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આંધ્રપ્રદેશના વિઝિયાનગરમાં અલ્લુરી સીતારામ રાજુ ઈન્ટરનેશનલ એરપોર્ટ (ભોગાપુરમ એરપોર્ટ) નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ અને ડેપ્યુટી ચીફ મિનિસ્ટર પવન કલ્યાણ પણ ઉપસ્થિત રહ્યા હતા. પીએમઓ અનુસાર, પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડ હેઠળ રૂ. ૫,૬૪૦ કરોડથી વધુના ખર્ચે બનેલું આ ગ્રીનફિલ્ડ એરપોર્ટ વાર્ષિક ૬ મિલિયન મુસાફરોને હેન્ડલ કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. સભાસંબોધન દરમિયાન ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે ૨૫ વર્ષનો અનુભવ ધરાવતા નરેન્દ્ર મોદીજીએ અસાધારણ કાર્ય કર્યું છે. લોકશાહી જગતમાં તેઓ એકમાત્ર એવા નેતા છે જેની પાસે ૧૪૪ કરોડ લોકોને સાથે લઈને દેશને આગળ લઈ જવાનું જ્ઞાન, ટેકનોલોજી અને ક્ષમતા છે."

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં શ્રમિકો પર હુમલો થવાથી ભારે રોષ

કુલગામ આતંકી હુમલો અત્યંત શરમજનક અને અમાનવીય: પ્રિયંકા ગાંધીની સખત નિંદા

નવી દિલ્હી: જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં ઈંટોના ભઠ્ઠા પર કામ કરી રહેલા બે બિનકાશ્મીરી મજૂરો પર થયેલા આતંકી હુમલાને લઈને દેશભરમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ ઘટનાની કડક શબ્દોમાં નિંદા કરતા તેને અત્યંત શરમજનક અને અમાનવીય કૃત્ય ગણાવ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શુક્રવારે સાંજે દક્ષિણ કાશ્મીરના કુલગામના કેલ્લામ વિસ્તારમાં આતંકીઓએ બિનકાશ્મીરી મજૂરો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં એક મજૂરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા બીજા મજૂરે શનિવારે સવારે સારવાર દરમિયાન હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. આ સાથે જ આ હુમલામાં મૃત્યુ પામનાર શ્રમિકોની કુલ સંખ્યા વધીને બે થઈ ગઈ છે. બંને મજૂરો છત્તીસગઢના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.ઘટના બાદ કોંગ્રેસ સાંસદ

પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે આતંકીઓની આ કાયરતાપૂર્ણ હરકત અત્યંત ઘૃણાસ્પદ છે અને તેની જેટલી નિંદા કરીએ તેટલી ઓછી છે. તેમણે આ મામલે ત્વરિત અને કડક કાર્યવાહી કરીને આતંકીઓને કઠોર સજા આપવાની માંગ કરી છે. બીજી તરફ, જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર (LG) મનોજ સિન્હાએ પણ આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે. તેમણે ડીજીપી અને ટોચના સુરક્ષા અધિકારીઓ સાથે વાતચીત કરીને સુરક્ષા દળોને આતંકીઓનો ખાત્મો બોલાવવા માટે ઓપરેશન વધુ તીવ્ર બનાવવાના આદેશ આપ્યા છે.હુમલાની આ ઘટના બાદ સુરક્ષા દળોએ સમગ્ર કેલ્લામ વિસ્તારને ચારેય બાજુથી ઘેરી લીધો છે અને આતંકીઓને પકડવા માટે મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. પ્રશાસન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આતંકી કૃત્યને અંજામ આપનારાઓને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં અને તેમને કાયદાના કઠેડામાં લાવવામાં આવશે.

લગ્ન કે પ્રવાસ માટે સંપૂર્ણ કોચ કે ટ્રેન ભાડે મળશે, IRCTC એ FTR સેવા લોન્ચ કરી

નવી દિલ્હી: ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે ઘરમાં લગ્ન પ્રસંગ હોય, શૈક્ષણિક પ્રવાસ હોય કે કોઈ ધાર્મિક યાત્રા હોય, તો અલગ-અલગ ટિકિટો બુક કરાવવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. IRCTC દ્વારા ફૂલ ટેરિફ રેટ (FTR) હેઠળ આખો કોચ કે જરૂરિયાત મુજબ આખી ટ્રેન ભાડે બુક કરવાની શાનદાર સુવિધા શરૂ કરવામાં આવી છે, જે મોટા જૂથો માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.પ્રાપ્ત વિગતો અનુસાર, આ સેવાનો લાભ લગ્ન પ્રસંગના પરિવારજનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, તીર્થયાત્રીઓના સંઘ તેમજ સામાજિક સંસ્થાઓ લઈ શકશે. મુસાફરીની તારીખના ઓછામાં ઓછા 30 દિવસ પહેલાં અને વધુમાં વધુ 6 મહિના અગાઉ આયોજકે ઓનલાઈન અરજી કરવાની રહેશે. એક ટ્રેનમાં વધુમાં વધુ 10 કોચ બુક કરી શકાશે અને દરેક કોચ દીઠ રૂ. 50,000 ની રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ જમા કરાવવાની રહેશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, બુકિંગ કરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ છે. આયોજકે IRCTC ની એફટીઆર વેબસાઈટ પર અલગ એકાઉન્ટ બનાવીને પ્રવાસની તમામ વિગતો ભરવાની રહેશે. રેફરન્સ નંબર જનરેટ થયા બાદ સિક્યોરિટી ડિપોઝિટ ભરવાની રહેશે અને મંજૂરી મળ્યા પછી અંતિમ ભાડું ચૂકવીને બુકિંગ કન્ફર્મ થઈ જશે.આ નવી સેવા શરૂ થવાથી લગ્ન કે મોટા સામાજિક આયોજનોમાં મુસાફરીનું આયોજન કરવું ખૂબ જ સરળ બની જશે. રેલવે વિભાગ દ્વારા આ પ્રક્રિયાને પારદર્શક અને સરળ બનાવવામાં આવી છે.

સંસદ પરિસરમાં પપ્પુ યાદવનું 'દાન ચોરી' નાટક, રાહુલ ગાંધીએ આપ્યું દાન

નવી દિલ્હી: સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિપક્ષ દ્વારા સરકારને ઘેરવા માટે અવારનવાર અનોખા વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. શુક્રવારે સંસદ પરિસરમાં રામ મંદિરમાં દાન ચોરીના મુદ્દાને લઈને એક હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. પૂર્ણિયાના અપક્ષ સાંસદ પપ્પુ યાદવે ભગવા વસ્ત્રો ધારણ કરીને 'સાધુ' બનવાનું નાટક કર્યું હતું, જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી સહિત વિપક્ષના અનેક દિગ્ગજ નેતાઓ ઉત્સાહભેર જોડાયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, સંસદના મકર દ્વારની બહાર વિપક્ષી સાંસદોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન સાધુના વેશમાં આવેલા પપ્પુ યાદવે સીડીઓ પાસે દાન પેટી મૂકીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ નાટકના ભાગરૂપે રાહુલ ગાંધી અને અન્ય સાંસદોએ દાન પેટીમાં પૈસા નાખ્યા

હતા, જ્યારે પપ્પુ યાદવે દાન ચોરી દર્શાવવા માટે તે રૂપિયા પોતાના ખિસ્સામાં મૂકી દીધા હતા. આ પ્રદર્શનમાં મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી વાડ્રા અને મહુઆ મોઈત્રા સહિતના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિપક્ષના આ નાટક અને હોબાળાના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી વારંવાર સ્થગિત કરવી પડી હતી. ગૃહમાં ભારે ગાજવીજ વચ્ચે જ ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય દ્વારા જન્મ અને મૃત્યુ નોંધણી (સુધારા) બિલ રજૂ કરવામાં આવ્યું હતું, જેને કોઈપણ ચર્ચા વગર જ પસાર કરી દેવામાં આવ્યું હતું. બીજી બાજુ, પપ્પુ યાદવના આ સાધુ વાળા સ્વાંગ અને વિરોધ પ્રદર્શનને લઈને દેશભરમાં રાજકારણ ગરમાયું છે.વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને દેશના અગ્રણી સાધુ-સંતોએ આ નાટકને 'સનાતન ધર્મનું સીધું અપમાન' ગણાવ્યું છે.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સતત કાર્યરત '૩૧૧' ફરિયાદ પોર્ટલ અને હેલ્પલાઈન સેવાઓનો લાભ લેવા શહેરીજનોને અપીલ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૧. જૂનાગઢ શહેરના નાગરિકોની રોજીંદી સમસ્યાઓ અને પ્રાથમિક સુવિધાઓ સંબંધિત ફરિયાદોનો ઝડપી અને સચોટ નિકાલ થાય તે માટે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા '૩૧૧' ફરિયાદ પોર્ટલ અને વિવિધ કંટ્રોલ રૂમ નંબરો સતત કાર્યરત છે.આ પોર્ટલની મદદથી શહેરીજનો પોતાના વિસ્તારમાં રોડ-રસ્તા, ભૂગર્ભ ગટર,પાણીની લાઈન, ગેરકાયદેસર દબાણ, વરસાદી પાણી ભરાવાની સમસ્યા, સેનિટેશન અને સ્વચ્છતા, સ્ટ્રીટ લાઈટ, ફાયર બ્રિગેડને લગતી બાબતો, રોડ પર નડતરરૂપ વૃક્ષોનું ટ્રીમિંગ તેમજ મચ્છરનો ઉપદ્રવ રોકવા માટે ફોગીંગ જેવી વિવિધ ફરિયાદો અત્રે મહાનગર પાલિકા, જૂનાગઢ ના કંટ્રોલ રૂમ તથા પૂછપરછ વિભાગમાં નોંધાવી શકે છે. ફરિયાદ નોંધાવવા માટેના વિવિધ માધ્યમો: વોટ્સએપ (WhatsApp) નં. 9274419205 કોન્ટેક્ટ નંબર (૩૧૧ સેલ) :0285-2654730 ૩૧૧ એપ્લીકેશન : https://play.google.com/store/apps/details?id=com.everythingcivic.junagadh રૂબરૂ : મહાનગરપાલિકા કચેરી ખાતે રૂબરૂ આવીને પણ પોતાની ફરિયાદ આપી શકે છે. અન્ય મહત્વપૂર્ણ કંટ્રોલ રૂમ નંબરો: સ્ટ્રીટ લાઈટ વિભાગ (વિશેષ ફરિયાદ માટે): 0285-2624452 મહાનગરપાલિકા સેન્ટ્રલ કંટ્રોલ રૂમ: 0285-2626475 ટોલ ફ્રી નંબર: 1800 233 3171 જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે શહેરની સ્વચ્છતા અને સુવિધા માટે તેમજ પોતાના વિસ્તારની કોઈપણ જાહેર સુવિધા અંગેની સમસ્યા માટે આપેલા હેલ્પલાઈન નંબરો અથવા '૩૧૧' એપ્લિકેશનનો મહત્તમ ઉપયોગ કરવા એક યાદીમાં જણાવ્યું છે.

નર્મદા જિલ્લા માં અતિભારે વરસાદની સ્થિતિ જિલ્લા કલેક્ટર ગંગાસિંઘે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની આકસ્મિક મુલાકાત લીધી

રાજપીપલા | નર્મદા જિલ્લામાં વરસી રહેલા અતિભારે વરસાદને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટર ગંગાસિંઘે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની આકસ્મિક મુલાકાત લઈ સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરે જિલ્લામાં વરસાદની વર્તમાન સ્થિતિ, વિવિધ તાલુકાઓમાં સર્જાયેલી પરિસ્થિતિ તેમજ જરૂરિયાત મુજબ નાગરિકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર, આશ્રય, ભોજન, પીવાનું પાણી અને અન્ય આવશ્યક સુવિધાઓ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની વિગતવાર માહિતી મેળવી હતી.

આ ઉપરાંત, ભારે વરસાદની સ્થિતિમાં જિલ્લાના નાગરિકો સુધી સમયસર ચેતવણી અને જરૂરી સૂચનાઓ વિવિધ માધ્યમો દ્વારા પહોંચે તે માટે કરવામાં આવી રહેલી વ્યવસ્થાની પણ સમીક્ષા કરી હતી.

જિલ્લા કલેક્ટરે અધિકારીઓને સતત સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા, સંકલન જાળવવા અને જરૂરિયાત મુજબ ત્વરિત કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

સિલ્વર ટચ ટેક્નોલોજીસ લિમિટેડ

CIN: L72200GJ1995PLC024465
રજિ. ઓફિસ: સિલ્વર ટચ હાઉસ, સૂર્યરથ કોમ્પ્લેક્સની સામે, વ્હાઈટ હાઉસ પાસે, પંચવટી સર્કલ, એલિસબ્રિજ, અમદાવાદ, ગુજરાત, ભારત, 380006
ઈ-મેલ: cs@silvertouch.com | વેબસાઈટ: www.silvertouch.com
ટેલ.: +91 79 4002 2770

સિલ્વર ટચ ટેક્નોલોજીસ લિમિટેડની ૩૨મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ મોકલવાનું કામ પૂર્ણ થવા અંગેની માહિતી, જે વીડિયો કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઓડિયો વિડિયો માધ્યમ (OAVM) દ્વારા યોજાશે અને ઇ-વોટિંગ અંગેની માહિતી

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા ('AGM') સોમવાર, ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે (IST) વિડીયો કોન્ફરન્સ દ્વારા યોજાશે | ('VC') અથવા અન્ય ઓડિયો વિડીયો મીન્સ ('OAVM'), કંપનીઝ એક્ટ, 2013 અને તેના હેઠળ રચાયેલા નિયમોની લાગુ જોગવાઈઓ અને SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 (ત્યારબાદ 'લિસ્ટિંગ રેગ્યુલેશન્સ' તરીકે ઓળખાય છે) જે 19 સપ્ટેમ્બર, 2024 ના જનરલ પરિપત્ર નં. 09/2024 અને 22 સપ્ટેમ્બર, 2025 ના 03/2025 સાથે વાંચવામાં આવે છે, કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા આ સંદર્ભમાં અગાઉ જારી કરાયેલા પરિપત્રો (સામૂહિક રીતે 'MCA પરિપત્રો' તરીકે ઓળખાય છે) અને પરિપત્ર નં. SEBI/HO/CFD/CFD-POD-2/P/CIR/2024/133 તારીખ 3 ઓક્ટોબર, 2024 અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા ('SEBI') (સામૂહિક રીતે 'SEBI પરિપત્રો' તરીકે ઓળખાય છે) દ્વારા આ સંદર્ભમાં અગાઉ જારી કરાયેલા પરિપત્રો સાથે વાંચવામાં આવે છે, જેથી AGM ની સૂચનામાં દર્શાવેલ વ્યવસાયને સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના વ્યવહાર કરી શકાય.
એમસીએ પરિપત્રોના સંદર્ભમાં, એજીએમ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ ની સૂચનાની ઈલેક્ટ્રોનિક નકલો એવા બધા શેરધારકોને મોકલવામાં આવી છે જેમના ઈમેઈલ આઈડી કટ-ઓફ તારીખે કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) સાથે નોંધાયેલા છે.
વધુમાં, લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમન ૩૬(૧)(બી) અનુસાર, કંપનીએ એવા શેરધારકોને ભૌતિક પત્રો મોકલ્યા છે જેમના ઈમેઈલ સરનામાં કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સાથે નોંધાયેલા નથી, જેમાં કંપનીની વેબસાઈટ પર ઉપલબ્ધ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક અહેવાલની સરળ એક્સેસ માટે વેબ-લિંક અને QR કોડ પ્રદાન કરવામાં આવ્યો છે.
ઉપરોક્ત સૂચના અને વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ કંપનીની વેબસાઈટ www.silvertouch.com પર પણ ઉપલબ્ધ છે; સ્ટોક એક્સચેન્જ - નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ https://www.nseindia.com/ અને BSE લિમિટેડની વેબસાઈટ https://www.bseindia.com/ અને MUFG ઈન્ટાઈમ (RTA) ની વેબસાઈટ https://in.mpms.mufg.com/ પર ઉપલબ્ધ છે.
AGM ની સૂચનામાં દર્શાવેલ વ્યવસાય AGM માં રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ દ્વારા વ્યવહાર કરી શકાય છે. MCA પરિપત્રોની જોગવાઈઓ અનુસાર, સભ્યો AGM માં રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ દ્વારા જ મતદાન કરી શકે છે. સભ્યોના મતદાન અધિકારો કટ-ઓફ તારીખે કંપનીના તેમના દ્વારા રાખવામાં આવેલા ઈક્વિટી શેરના આધારે ગણવામાં આવશે.
સભ્યોને AGM નોટિસમાં મતદાન માટે આપવામાં આવેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચવા વિનંતી છે. સભ્યોને નીચેની બાબતોની નોંધ લેવા પણ વિનંતી છે:

વિગતો	માહિતી
ઈમેઈલ દ્વારા નોટિસ/વાર્ષિક અહેવાલ મોકલવાનું પૂર્ણ થયાની તારીખ	શનિવાર, 1st ઓગસ્ટ, 2026
રિમોટ ઈ-વોટિંગ સમયગાળાની શરૂઆતની તારીખ	શુક્રવાર, 21st ઓગસ્ટ 2026 ના રોજ 09:00 AM (IST)
રિમોટ ઈ-વોટિંગ સમયગાળાના અંતની તારીખ અને સમય	રવિવાર, 23th ઓગસ્ટ 2026 ના રોજ 05:00 PM (IST)
વોટિંગ પાત્રતા અને ડિવિડન્ડ માટેની કટ-ઓફ તારીખ	સોમવાર, 17th ઓગસ્ટ 2026
ઈ-વોટિંગ પ્લેટફોર્મ	CDSL (www.evotingindia.com)
બુક ક્લોઝર તારીખો	મંગળવાર, 18th ઓગસ્ટ, 2026થી, સોમવાર, 24th ઓગસ્ટ, 2026 સુધી

AGM દરમિયાન ઈ-વોટિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, અને VC સુવિધા દ્વારા AGMમાં હાજર રહેલા શેરધારકો, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી અને અન્યથા તેમ કરવાથી પ્રતિબંધિત નથી, તેઓ AGM દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવા માટે પાત્ર રહેશે. કટ-ઓફ તારીખે કંપનીના શેરધારક ન હોય તેવા કોઈપણ વ્યક્તિએ નાણાકીય વર્ષ 2025-26 ની નોટિસ અને વાર્ષિક અહેવાલને ફક્ત માહિતીના હેતુ માટે ગણવો જોઈએ. જે શેરધારકોએ AGM પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ પણ AGMમાં હાજરી આપી શકે છે પરંતુ ફરીથી પોતાનો મત આપવા માટે હકદાર રહેશે નહીં. શેરધારકોએ નોંધ લેવી જોઈએ કે એકવાર શેરધારક દ્વારા ઠરાવ પર મતદાન થઈ જાય, પછી શેરધારકને તેમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
સભ્યોએ નોંધ લેવી જોઈએ કે 30 જુલાઈ, 2026 ના રોજ યોજાયેલી તેની બેઠકમાં ડિરેક્ટર બોર્ડે પ્રતિ ઈક્વિટી શેર રૂ. 0.10 (એટલે કે 5%) ના ડિવિડન્ડની ભલામણ કરી છે જેની ફેસ વેલ્યુ રૂ. 2. જો ડિવિડન્ડ, જો AGM માં મંજૂર થાય છે, તો તે AGM ની તારીખથી 30 દિવસની અંદર, સ્ત્રોત પર કર કપાત | ('TDS') ને આધીન ચૂકવવામાં આવશે. કંપનીએ નાણાકીય વર્ષ 2025-26 માટે ડિવિડન્ડ માટે પાત્ર બનવા માટે સભ્યોના હકદારી નક્કી કરવા માટે સોમવાર, 17 ઓગસ્ટ, 2026 રેકોર્ડ તારીખ તરીકે નક્કી કરી છે.
કંપની સેક્રેટરી તરીકે કાર્યરત મેસર્સ સંદીપ શેઠ એન્ડ એસોસિએટ્સને 30 જુલાઈ, 2026 ના રોજ યોજાયેલી ડિરેક્ટર બોર્ડની બેઠકમાં 'સ્ક્રુટિનાઈઝર' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે જેથી AGM માં ઈ-વોટિંગ પ્રક્રિયા અને મતદાનને વાજબી અને પારદર્શક રીતે તપાસી શકાય.
રિમોટ ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નો અથવા ફરિયાદોના કિસ્સામાં અથવા કોઈપણ સહાય માટે, સભ્યો https://www.evotingindia.com ના 'ડાઉનલોડ્સ' વિભાગ હેઠળ ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકે છે અથવા cs@silvertouch.com પર કંપનીનો સંપર્ક કરી શકે છે અથવા રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, MUFG ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનો helpdesk@linkintime.co.in પર સંપર્ક કરી શકે છે.
જે સભ્યોએ તેમના ઈ-મેલ સરનામાંની નોંધણી/અપડેટ કરી નથી તેમને ડિપોઝિટરી સહભાગી દ્વારા ડિપોઝિટરીમાં ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં તેમના દ્વારા રાખવામાં આવેલા શેરના સંદર્ભમાં નોંધણી કરાવવા વિનંતી કરવામાં આવે છે.

બોર્ડના આદેશથી
સિલ્વર ટચ ટેક્નોલોજીસ લિમિટેડ માટે
સંપાદિત/-
રાહુલ અડવાણી
કંપની સચિવ અને પાલન અધિકારી
ACS: 79068

તારીખ: ૦૨ ઓગસ્ટ, ૨૦૨૬
સ્થળ: અમદાવાદ